GJBK010013862025	રજુ તારીખ	૧૧/૪/૨૦૨૫		
	નોંધ્યા તારીખ	૧૧/૪/૨૦૨૫		
	ફેંસલ તારીખ	**૧૬/૦૬/૨૦૨૬**		
	અવધિ	**વર્ષ**	**માસ**	**દિવસ**
		૦૧	૦૨	૦૫

બનાસકાંઠા જિલાના મહેરબાન ત્રીજા એડીશનલ ડીસ્ટ્રીકટ જજ
શ્રી અમિત જે. કાનાણી સાહેબની કોર્ટ સમક્ષ,
મુકામ – પાલનપુર

રેગ્યુલર દિવાની અપીલ નંબર : ૩૦/૨૦૨૫

આંક–

એપેલેન્ટ :

૧. મૈયત (વાઘેલા) વાઘરી નવઘણભાઇ ભીખાભાઇના વારસો

૧/૧ શારદાબેન તે નવઘણભાઇ (વાઘેલા) વાઘરીના ધર્મ પત્ની,
ઉ.વ.૬૩, ધંધો – ઘરકામ,

૧/૨ સવિતાબેન તે નવઘણભાઇ (વાઘેલા) વાઘરીના દિકરી,
ઉ.વ.૩૫, ધંધો–ઘરકામ,
બંને રહે. સકલાણા (ધોતા), તા. વડગામ,
જી. બનાસકાંઠા.

વિ રુ ધ્ધ

રીસ્પોડન્ટ :

૧. સ્વ. મહંમદભાઇ મુસાભાઇ સુમરાના વારસો

૧/૧ હુરીબેન મહંમદભાઇ મુસલા (સુમરા),
ઉ.વ.આ. ૭૨, ધંધો – ઘરકામ તથા ખેતી,
રહે. સકલાણા, તા. વડગામ, જી. બનાસકાંઠા.

૧/૨ હલુબેન મહંમદભાઇ મુસલા (સુમરા),
ઉ.વ. આ. પર, ધંધો–ઘરકામ,
રહે. લુણવા, તા. ખેરાલુ, જી. મહેસાણા

૧/૩ ઇસબભાઇ મહંમદભાઇ મુસલા (સુમરા)
ઉ.વ.આ. ૫૦, ધંધો – મજુરી,
રહે. સકલાણા, તા. વડગામ, જી. બનાસકાંઠા.

૧/૪ રહીમભાઇ મહંમદભાઇ મુસલા(સુમરા),
ઉ.વ.આ. ૪૩, ધંધો– મજુરી,
રહે. સકલાણા, તા. વડગામ, જી. બનાસકાંઠા.

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડી. ડીસ્ટ્રીકટ જજ,
પાલનપુર.

૧/૫ રતનબેન મહંમદભાઇ મુસલા (સુમરા),
ઉ.વ.આ. ૪૩, ધંધો–ઘરકામ,
રહે. નાંદોત્રા, તા. વડગામ, જી. બનાસકાંઠા.
૧/૬ જરીનાબેન મહંમદભાઇ મુસલા (સુમરા),
ઉ.વ.આ. ૪૦, ધંધો–ઘરકામ,
રહે. ખેરાલુ, તા. ખેરાલુ, જી. મહેસાણા.
૧/૭ વલીભાઇ મહંમદભાઇ મુસલા(સુમરા),
ઉ.વ.આ. ૩૮, ધંધો–મજુરી,
રહે. સકલાણા, તા. વડગામ, જી. બનાસકાંઠા.

બાબત :–	સી.પી.સી. કોડ કલમ–૯૬ તેમજ ઓર્ડર–૪૩ રુલ–૧, ૨ મુજબ વડગામના વિ.પ્રિન્સીપાલ સીવીલ જજશ્રીએ રે.દિ.મુ.નં. ૩/૧૫(જુનો રે.દિ.મુ.નં. ૧૫/૨૦૦૭) ના કામે તા.૨૦/૦૩/૨૦૨૫ ના રોજ આપેલ ચુકાદો તેમજ ફરમાવેલ હુકમનામાં સામે અપીલ

એપેલન્ટ તરફે વિ. વકીલ શ્રી એસ.એસ.ઠાકર
રીસ્પોન્ડન્ટસ તરફે વિ.વ.શ્રી એચ.આર.ચૌધરી

–:: ચુ કા દો ::–

(૧) આ કામના એપેલેન્ટ/મુળ વાદીએ રેગ્યુલર દિવાની મુકદમા નં. ૩/૨૦૧૫ (જુનો રે.દિ.મુ.નં. ૧૫/૦૭) ના કામે તા. ૨૦/૦૩/૨૦૨૫ ના રોજ વડગામના વિ. પ્રિન્સીપાલ સીવીલ જજશ્રીએ હુકમ કરી વાદીનો (હાલના એપેલેન્ટનો)દાવો નામંજુર કરેલ, તે હુકમથી નારાજ થઇ (જે હુકમને આ ચુકાદામાં હવે પછીથી તકરારી હુકમ તરીકે સંબોધેલ છે) હાલની અપીલ દાખલ કરેલ છે.

(૨) એપેલેન્ટની અપીલની હકીકત ટુંકમાં એવી છે કે, એપેલેન્ટ/વાદીએ રેગ્યુલર દિવાની મુકદમા નં. ૩/૨૦૧૫ (જુનો રે.દિ.મુ.નં. ૧૫/૦૭) થી રીસ્પોન્ડન્ટ/મુળ પ્રતિવાદી સામે જાહેરાત તેમજ કાયમી મનાઇ હુકમનો દાવો લાવેલ. જે દાવાના કામે નીચેની કોર્ટે તા. ૧૬/૧/૧૯ ના રોજ વાદીની તરફેણમાં દાવો મંજુર કરતો હુકમ કરતાં, રીસ્પોન્ડન્ટ/મુળ પ્રતિવાદીએ રે.દિ.અપીલ નં. ૫/૧૯ થી અપીલ દાખલ કરેલ જે કામે એપેલેટ

કોર્ટે દાવાના કામે ઘડવામાં આવેલ મુદ્દા નં. ૧ તથા ૨ માં સુધારો કરવા તેમજ નવિન ત્રણ મુદ્દા ઉમેરી ફરી નિર્ણય કરવા દાવો રીમાન્ડ કરેલ ત્યારબાદ નીચેની કોર્ટે મુદ્દામાં હુકમ મુજબ સુધારો કરી નવિન ત્રણ મુદ્દા ઉમેરી ફરીથી દાવાના કામે તા. ૨૦/૩/૨૫ ના રોજ હુકમ કરેલ જેમાં એપેલેન્ટ/મુળ વાદીનો દાવો નામંજુર કરેલ છે પરંતુ નીચેની કોર્ટે એપેલેન્ટ/વાદી તરફે રજુ થયેલ પુરાવાનું ન્યાયી રીતે અર્થઘટન કરેલ નથી. કોર્ટ સમક્ષ નિર્ણીત થયેલ મુદ્દા તે જ કોર્ટ સદર મુદ્દાના નિર્ણયો નકારાત્મક હોવાનું કહી શકે નહીં તેને લો ઓફ એસ્પોટલનો બાધ નડે છે. વધુમાં, નીચેની કોર્ટે અગાઉનો જે પુરાવો હતો તે કેવી રીતે નામંજુર ગણેલ છે તેની કોઇ નોંધ કરેલ નથી. આંક-૩૭ થી મુળ દાવાના કામે મુદ્દાને નિર્ણીત કરી હકારમાં જવાબ આપેલ હોય ત્યારે આવા મુદ્દાનો નકારાત્મક નિર્ણય આપવો હોય તો તેના કારણો દર્શાવવા જોઇએ જે નીચેની કોર્ટે દર્શાવેલ નથી. વધુમાં ઘર નં. ૧૦૬ ની ખુલ્લી જગ્યા વાદીની માલિકીની છે. ગ્રામ પંચાયતે તે અન્વયેના આકારણી પત્રકો પુરાવાના કામે રજુ કરેલ છે. પ્રતિવાદીની સનદમાં પણ દાવાવાળી મીલકતની દક્ષીણે આવેલ જમીન વાદીના પિતા ભીખાભાઇના નામે છે તેવો ઉલ્લેખ છે જે નીચેની કોર્ટે ધ્યાને લીધેલ નથી. નીચેની કોર્ટે આંક-૮૦, ૮૧ તથા ૯૦ ની સનદો પણ ધ્યાને લીધેલ નથી. સનદ એ સરકારી રેકર્ડનો ભાગ છે. માપણી કરનાર અધિકારી પણ સરકારી કર્મચારી છે અને સનદની બંને નોંધો આંક- ૮૨ થી પડેલ હોય ત્યારે વાદીનો કાયદેસરનો હકક માનવો જોઇતો હતો જે હકીકત રેકર્ડ આધારીત હકીકત માનવી જોઇએ. વધુમાં, આ કામે પ્રતિવાદી તરફે ના.ડીસ્ટ્રીકટ કોર્ટમાં જે તકરાર અન્વયે ત્રણ નવિન મુદ્દા કાઢેલ તે મુદ્દા પ્રતિવાદીએ પુરવાર કરવાના હતા. કારણ કે પ્રતિવાદી ના.ડીસ્ટ્રીકટ કોર્ટમાં ગયેલ. જો પ્રતિવાદી એવું કહેતા હોય કે આ મુદ્દાઓનો બાદ નડે છે તો તે પુરવાર કરવાની જવાબદારી પ્રતિવાદીની છે. કારણ કે વાદીએ નવા દાવામાં પણ નવો પુરાવો

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડી. ડીસ્ટ્રીકટ જજ,
પાલનપુર.

આપેલ છે જયારે પ્રતિવાદીએ આગળ કોઇ કાર્યવાહી કરવી નથી તેવું પુરસીસથી જાહેર કરેલ હોય ત્યારે દાવા નં. ૧૫/૦૭ તથા નવિન દાવા નં. ૩/૧૫ સામે કોઇ તકરાર નથી તે પુરવાર થતું હોવાછતાં, ન માની કાયદાની ગંભીર ભુલ કરેલ છે. જેથી રેગ્યુલર દિવાની મુકદમા નં. ૩/૨૦૧૫ (જુનો રે.દિ.મુ.નં. ૧૫/૦૭) ના કામે રીમાન્ડ થયા પછી ના.નીચેની કોર્ટે ફરી નિર્ણય લીધેલ છે તે રદ કરી અગાઉ દાવાના કામે તા. ૧૬/૧/૧૯ નો હુકમ કાયમ રાખવા અરજ ગુજારેલ છે.

(૩) એપેલેન્ટની અપીલ દાખલ થતાં રીસ્પોન્ડન્ટને નોટીસ કાઢતાં રીસ્પોન્ડન્ટસ તેમના વકીલશ્રી મારફતે હાજર થયેલ છે.

(૪) આ કામે હાલના એપેલેન્ટ વિ. ટ્રાયલ અદાલતમાં મુળ દાવાના કામે વાદી હતા, જયારે હાલના રીસ્પોન્ડન્ટ મુળ દાવાના કામે પ્રતિવાદી હતા, જેથી આ કામે અપીલના નિર્ણય અર્થે પક્ષકારોને તેઓની મુળ હેસીયતથી સંબોધેલા છે.

(૫) એપેલેન્ટ (મુળ વાદી) તરફે વિ. વકીલ શ્રી એસ.એસ.ઠાકરે આંક-**૧૫** થી લેખિત દલીલો રજુ કરી અપીલ મેમા મુજબની રજુઆત કરેલ છે. તેઓએ મુખ્યત્વે એવી દલીલ કરેલ છે કે, દાવો રીમાન્ડ થયા પહેલા મકાન નં. ૧૦૬ ની માલીકી સબંધે ઘડવામાં આવેલ મુદ્દાનો જવાબ વાદીની તરફેણમાં હકારમાં આપવામાં આવેલ હોવાછતાં, દાવો રીમાન્ડ થયા બાદ ઉપરોકત મુદ્દા સહિત મકાન નં. ૧૦૬ ની ઉત્તરે નવોળીની જગ્યા આવેલ છે અને તે ખુલ્લી રાખવાની હતી તે બંને મુદ્દાનો જવાબ વાદીની વિરુધ્ધ નકારમાં આપવામાં આવેલ છે જે રેકર્ડ પરના દસ્તાવેજોનું ન્યાયી રીતે મુલ્યાંકન કર્યા સિવાય માત્ર વર્ણન આધારે નિર્ણય કરેલ હોવાનું સ્પષ્ટ થાય છે. કારણ કે, પ્રતિવાદીએ આંક-૬૭ ની ઉલટ તપાસમાં મકાન નં. ૧૦૬ ની માલીકી આ કામના વાદીની છે તેવું સ્વીકારેલ છે. એટલે કે, પ્રતિવાદીને વાદીની ખુલ્લી જમીન ઘર નં. ૧૦૬ વાળી જમીન અંગે

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડી. ડીસ્ટ્રીકટ જજ,
પાલનપુર.

કોઇ તકરાર નથી અને પ્રતિવાદી પોતે વાદીની મીલકત કબુલ રાખતા હોય ત્યારે દાવો રીમાન્ડ થયા બાદ નીચેની કોર્ટ આ મીલકત વાદીની માલિકીની હોવાનું પુરવાર થતું નથી તેવું કઇ રીતે કહી શકે. વધુમાં, આંક– ૯૦ ની સનદ કે જે ખુદ પ્રતિવાદીએ રજુ કરેલ છે તે જોતાં, ઉત્તરે આવેલ જમીન ભીખાભાઇ હીરાભાઇની દર્શાવેલ છે જે વાદીના પિતાની છે. આમ, ૧૦૬ વાળી જગ્યા વાદીની જગ્યા હોવાનું પ્રતિવાદી કબુલ રાખતા હોય અને મામલતદારે આપેલ સનદ પ્રમાણે સનદમાં વાદીના પિતા ભીખાભાઇ હીરાભાઇનું નામ લખેલ હોય તો તે સરકારી રેકર્ડનો ભાગ હોઇ માલીકી આપોઆપ પુરવાર થાય છે ત્યારે રીમાન્ડ બાદ મુદ્દા નં. ૧ નો જવાબ નીચેની કોર્ટે નકારમાં આપેલ છે જે ન્યાયી અને યોગ્ય નથી. મકાન નં. ૧૦૬ વાળી જમીન બાબતે પ્રતિવાદી કે અન્ય કોઇને પણ વાંધો નથી ત્યારે ના.કોર્ટ નવો વિવાદ ઉભો કરી શકે નહીં. રેકર્ડ પ્રમાણે વાદીની માલીકીની જગ્યા અંગે પ્રતિવાદીને કોઇ વિવાદ નથી ત્યારે પ્રતિવાદી મકાનની દિવાલ તોડીને દક્ષીણ તરફે બાંધકામ કરી રહેલ છે તે ગેરકાયદેસર હોવાનું પણ પુરવાર થાય છે. પ્રતિવાદીએ ઉલટ તપાસમાં બાંધકામ માટે કોઇ પરવાનગી માંગેલ નથી તેવું સ્વીકારેલ છે તે જોતાં, પ્રતિવાદી જે કોઇ બાંધકામ કરી રહેલ છે તે ગેરકાયદેસરનું હોવાનું માનવાને પુરતુ કારણ છે તેમછતાં, દાવો રીમાન્ડ થયા બાદ નીચેની કોર્ટે મુદ્દા નં. ૨ નો જવાબ નકારમાં ઠરાવેલ છે તે પણ યોગ્ય અને ન્યાયી નથી. વાદીએ રજુ કરેલ તેના મકાનના નકશા અને બાંધકામની આપેલ પરવાનગી પ્રમાણે જે ખુલ્લી જગ્યા છે તે નવોળીની જગ્યા કહેવામાં આવે છે તે ખુલ્લી જગ્યાનો ભાગ છે પરંતુ પ્રતિવાદીએ તેમાં બાંધકામ કરતા દાવો કરવાનું કારણ રહેલ છે. નીચેની કોર્ટે વાદીની જગ્યા ન માનતા સરકારી જમીન કયા આધારે માની તેનો પણ ખુલાસો કરેલ નથી. વધુમાં વડીલોપાર્જીત મીલકતમાં કોઇ વેચાણ દસ્તાવેજ હોય નહીં પરંતુ વર્ષો જુની જમીનમાં તેનો વારસાઇ હકક હોય તો તે

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડી. ડીસ્ટ્રીકટ જજ,
પાલનપુર.

કાયદેસરનો હોવાથી પ્રતિવાદીની સનદ પ્રમાણે ઘર નં. ૧૦૬ ની જમીન વાદીના પિતા ભીખાભાઇ હીરાભાઇ ના નામે હોવાનું પુરવાર થાય છે જે પણ હકીકત નીચેની કોર્ટે ધ્યાને લીધેલ નથી. વધુમાં આંક– ૫૫ ની પરવાનગી ચીઠ્ઠીમાં ઘર નં. ૧૦૫ ની ખુલ્લી જમીન હોવાનું તેમાં જણાવેલ છે તેમજ પંચાયતે કોઇ ઠરાવ કરેલ ન હોત તો પંચાયત બાંધકામની પરવાનગી આપત નહીં તે હકીકત પણ દાવો રીમાન્ડ બાદ નીચેની કોર્ટે ધ્યાને લીધેલ નથી. વધુમાં મુદ્દા નં. ૩ પક્ષકારની ખામીના બાધ સબંધે મુદ્દો ઘડેલ છે તે પણ ન્યાયી નથી. જે કોઇ વિવાદ છે તે વાદી અને પ્રતિવાદીનો છે. વાદીને કોઇ પંચાયત કે અન્ય કોઇ ઓથોરીટી સામે વિવાદ નથી. જેથી તેમને પક્ષકાર તરીકે જોડવાની જરુર નથી. ડિસ્ટ્રીકટ કોર્ટમાં અપીલ પ્રતિવાદીએ કરેલ અને પક્ષકારની ખામીનો મુદ્દો તેમની માગણીથી સ્વીકારવામાં આવેલ જેથી પક્ષકાર જોડવા માંગતા હોય તો પ્રતિવાદીએ તેમના પુરાવામાં તપાસવા જોઇએ. વાદીને જમીન અંગે અન્ય સંસ્થાઓ સામે વિવાદ નથી. પંચાયત કે સરકારે કોઇ વાદીને નોટીસ આપેલ નથી તે સંજોગોમાં પક્ષકાર જોડવાની ખામીનો બાધ નડતો હોવાની હકીકત પણ ખરી નથી. વધુમાં મુદ્દા નં. ૩–અ, ૩–બ જોવામાં આવે તો ઉપર મુજબની ખુલ્લી જમીન વાદીની છે. હવે નીચેની કોર્ટ જો એવું કબુલ કરતી હોય કે સદર મુદ્દો સાબીત કરવાની જવાબદારી પ્રતિવાદીના શીરે છે તો તેઓ ધ્વારા આંક– ૮૭ થી મૌખિક પુરાવો આપેલ છે જેમાં વાદીની મીલકતની કબુલાત કરેલ છે તે સિવાય આંક– ૯૦ થી આંક–૯૪ સુધીના દસ્તાવેજી પુરાવામાં તેઓની સનદ અને આકારણી અને વેરા ભર્યાની પાવતી રજુ રાખેલ છે તે હકીકત વાદી તરફે સાબીત કરવા માટે પુરતા છે. હકીકતમાં આંક– ૯૦ એ મહત્વનો પુરાવો હોઇ અને તે સરકારી રેકર્ડ હોઇ મામલતદારે પ્રતિવાદીને આપેલ સનદ હોઇ તે હકીકત ન માનવાને કોઇ કારણ નથી. આંક–૯૦ ની સનદમાં સ્પષ્ટપણે પ્રતિવાદીનું મકાન પુરુ થયે વાદીના પિતા ભીખાભાઇ હીરાભાઇની જમીન

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડી. ડીસ્ટ્રીકટ જજ,
પાલનપુર.

હોવાની નોંધ પુરવાર થતી હોવાછતાં, પણ ન માની રીમાન્ડ બાદ નીચેની કોર્ટે કાયદાની ગંભીર ભુલ કરેલ છે. આ સંજોગોમાં રીમાન્ડ બાદ નીચેની કોર્ટે દાવાના કામે કરેલ હુકમ રદ કરી નીચેની કોર્ટનો અગાઉનો તા. ૧૬/૧/૧૯ નો નો હુકમ કાયમ રાખવા અરજ ગુજારેલ છે.

(૬) જયારે રીસ્પોન્ડન્ટ/મુળ પ્રતિવાદી તરફે વિ. વકીલ શ્રી એચ.આર.ચૌધરીએ **આંક– ૧૯** થી લેખિત દલીલો રજુ કરી તેમાં લખ્યા મુજબની રજુઆત કરેલ છે. તેઓએ મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, મીલકત નં. ૧૦૬ વાળી જગ્યાના વાદી કાયદેસરના માલીક, કબજેદાર, ભોગવટેદાર છે અને તે મીલકતની ઉત્તર તરફેની નવોળીની જગ્યા તથા પ્રતિવાદીના દક્ષીણ તરફેની જમીન કે જે ગ્રામ પંચાયત નં. ૧૦૬ વાળી કે જે નવોળી મુકી આવેલ છે તે સનદ પ્રમાણે નવોળીની જગ્યા ખુલ્લી રાખવાની હતી તે મુદ્દો સાબીત કરવા માટે વાદી તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવો જોઇએ તો આંક– ૫૫ ની પરવાનગી ચીઠ્ઠી રજુ રાખેલ છે જે વંચાણે લેતાં, પરવાનગી ચીઠ્ઠી તા. ૦૧/૦૪/૧૯૭૨ ના રોજ વાદીના પિતાને આપવામાં આવેલ છે. પરંતુ સદર પરવાનગી તે કયા મિલ્કત નંબરની છે એવી કોઈ હકીકત તેમાં દર્શાવેલ નથી. વાદી પક્ષે આંક– ૫૬ થી વાદીને નવીન બાંધકામ માટે મંજુર થયેલ નકશો રજુ રાખેલ છે. જેમાં સામાન્ય સભાના ઠરાવથી પરવાનગી આપવામાં આવેલ છે તેમ નોંધેલ છે. પરંતુ આવો કોઈ ઠરાવ વાદી પક્ષે રજુ રાખેલ નથી. સદર આંક– ૫૫ વાળી પરવાનગી અને આંક– ૫૬ વાળો નવીન બાંધકામ માટે મંજુર થયેલ નકશોએ માલિક અંગેનો આધાર ગણી શકાય નહીં. એ સિવાય વાદી પક્ષે આંક–૫૭ થી આંક– ૫૬ સુધીના વેરા ભર્યાની પાવતીઓ અને આંક– ૬૭ અને આંક– ૬૮ થી આકારણી રજુ રાખેલ છે. પરંતુ વેરા ભર્યાની પાવતી અને આકારણી પણ માલીક અંગેનો આધાર ગણી શકાય નહી. વાદી પક્ષે સદર

મિલકત નં. ૧૦૫ અને ૧૦૬ ની પંચાયત દ્વારા કોઈ સનદ/ કબુલાત આપવામાં આવેલ હોય તેવી કોઈ સનદ/કબુલાત કે કોઈ પાસેથી વેચાણ રાખેલ હોય તો તેવો કોઈ વેચાણ દસ્તાવેજ કે વડીલોપાર્જીત મિલ્કત તેઓના પિતાના ભાગે વહેંચણીમાં આવેલ હોય તેવી કોઈ રેવન્યુ રેકર્ડની નોંધ રજુ રાખેલ નથી. વાદીએ દાવા અરજીમાં દાવાવાળી મીલકતનું કોઇ પણ જગ્યાએ ચોકકસ માપ જણાવેલ નથી તેમજ પ્રતિવાદી પોતાની માલીકીની જમીનમાં કેવી રીતે અને કેટલું દબાણ કરેલ છે તેવું સાબીત કરી શકયા નથી. નવોળીનું માપ કેટલું છે તે હકીકત પણ વાદી પુરવાર કરી શકેલ નથી. પ્રતિવાદીએ કોઇ દબાણ કરેલ હોવાની હકીકત પણ વાદી સાબીત કરી શકેલ નથી. વધુમાં વાદી દાવાવાળી મીલકત તેમની માલીકીની હોવા સબબ દાદ માંગતા હોય ત્યારે વાદીએ ગ્રામ પંચાયતના સરપંચ/તલાટી, તાલુકા વિકાસ અધિકારીને જોડીને દાદ માંગવી પડે તેમછતાં, આવા કોઇ પક્ષકારને દાવાના કામે જોડવામાં આવેલ નથી ત્યારે વાદીના દાવાને પક્ષકારોની ખામીનો પણ બાધ નડે છે. આમ, સમગ્રપણે દાવો રીમાન્ડ થયા બાદ ઘડવામાં આવેલ તમામ મુદ્દાઓનો નિર્ણય નીચેની કોર્ટે રેકર્ડ પર રજુ થયેલ તમામ પુરાવાનું યોગ્ય અને ચોકસાઇભર્યુ અર્થઘટન કરીને યોગ્ય રીતે આપેલ છે. આમ, રેગ્યુલર દિવાની મુકદમા નં. ૩/૨૦૧૫ (જુનો રે.દિ.મુ.નં. ૧૫/૦૭) ના કામે રીમાન્ડ થયા પછી ના.નીચેની કોર્ટે તા. ૨૦/૩/૨૫ ના રોજ વાદીનો દાવો નામંજુર કરતો હુકમ તથા હુકમનામું ફરમાવતા સમયે મુદાઓનો નિર્ણય કરવામાં કોઈ જ પ્રકારની ગંભીર ભુલ કરેલ ન હોઈ, નામ. નીચેની કોર્ટનો આંક– ૧૨૫ વાળો હુકમ અને આંક– ૧૨૬ થી ફરમાવેલ હુકમનામું કાયમ રાખી હાલની આ અપેલેન્ટસની અપીલ ખર્ચ સાથે રદ કરવા ન્યાયના હિતમાં હુકમ થવા મહે. થશે.

(૭) બંને પક્ષની રજુઆત સાથે આ કામે મુળ દાવાનું સમગ્ર રેકર્ડ

ધ્યાને લેતાં, હકીકત સ્પષ્ટ જણાય છે કે, નીચેની કોર્ટે મુળ દાવાના કામે તા. ૧૬/૧/૧૯ ના રોજ કરેલ હુકમ તથા હુકમનામું એપેલેટ કોર્ટે રદ કરી દાવો રીમાન્ડ કરેલ અને તે બાદ નીચેની કોર્ટે અપીલ કોર્ટના હુકમ અનુસાર આંક–૩૭ થી ઘડવામાં આવેલ મુદ્દામાં સુધારો તેમજ નવિન ઘડેલ મુદ્દા સબંધે પક્ષકારોને પુરાવો રજુ કરવાની તક આપી, રેકર્ડ પર રજુ થયેલ પુરાવાના આધારે મુદ્દાઓનો નિર્ણય કરેલ છે જે નીચે મુજબ છે.

–: મુ દ્દા :–

૧. શું વાદી પુરવાર કરે છે કે, વાદગ્રસ્ત મકાન નં. ૧૦૬ વાળી જગ્યાના તેઓ કાયદેસરના માલિક, કબજેદાર, ભોગવટેદાર છે?

૧–અ શું વાદી પુરવાર કરે છે કે, ગ્રામપંચાયત નં.૧૦૬ વાળી મિલકતની ઉત્તર તરફેની નવોળીની જગ્યા તથા પ્રતિવાદીના દક્ષિણ તરફેની જમીન કે જે ગ્રામ પંચાયત નં.૧૦૬ વાળી કે જે નવોળી મુકી આવેલ છે તે સનદ પ્રમાણે નવોળીની જગ્યા ખુલ્લી રાખવાની હતી ?

૨. શું વાદી પુરવાર કરે છે કે, વાદગ્રસ્ત ઘર નં. ૧૦૬ વાળી જગ્યામાં પ્રતિવાદી ગેરકાયદેસર રીતે બાંધકામ કરી રહ્યા છે ?

૩. શું વાદી પુરવાર કરે છે કે, ગ્રામ પંચાયત કચેરીને પ્રતિવાદી ગેરકાયદેસરનું બાંધકામ કરી રહ્યા છે તેવું જણાવ્યા છતાં પણ તેઓએ અટકાવવા કે ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવા પ્રયત્નો ન કરતા આ દાવો કરવો પડેલ છે ?

૩–અ શું વાદીના દાવાને પક્ષકારોની ખામીનો બાધ નડે છે ?

૩–બ શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, વાદીના મકાનો સિવાય ખુલ્લી પડેલ જમીન કે જે સરકારી પડતર જમીન છે તથા નવોળી પૈકીની છે અને તેના ઉપર કબજો કરવા માટે વાદી ગેરકાયદેસર રીતે પ્રયત્ન કરવા આવ્યા છે ?

૪. શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે ?

૫. શું હુકમ અને હુકમનામું ?

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડી. ડીસ્ટ્રીકટ જજ,
પાલનપુર.

-: નિ ર્ણ યો :-

૧. નકારમાં
૧-અ નકારમાં
૨ નકારમાં
૩ નકારમાં
૩-અ હકારમાં
૩-બ નકારમાં
૪ નકારમાં
૫ આખરી હુકમ મુજબ

(૮) નીચેની કોર્ટનું સમગ્ર રેકર્ડ તથા અપીલના કામે બન્ને પક્ષની રજુઆતો લક્ષમાં લેતાં, આ અપીલના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

-: મુ દ્દા :-

૧. શું એપેલેન્ટ/મુળ વાદી પુરવાર કરે છે કે, વાદગ્રસ્ત મકાન નં. ૧૦૬ તેમના કબજા ભોગવટા અને માલીકીની છે અને તેમાં પ્રતિવાદી ગેરકાયદેસર રીતે બાંધકામ કરી રહ્યા છે?

૨. શું એપેલેન્ટ/મુળ વાદી પુરવાર કરે છે કે, વાદગ્રસ્ત જગ્યા મકાન નં. ૧૦૬ ની ઉત્તર તરફેની જગ્યા સનદ પ્રમાણે ખુલ્લી રાખવાની છે? તેમછતાં, પ્રતિવાદી તેમાં ગેરકાયદેસર રીતે દબાણ કરેલ છે?

૩. શું એપેલેન્ટ/મુળ વાદીના દાવાને પક્ષકારોની ખામીનો બાધ નડે છે?

૪. શું એપેલેન્ટ/મુળ વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

૫. શું દાવો રીમાન્ડ થયા બાદ ટ્રાયલ કોર્ટે દાવાના કામે તા. ૨૦/૩/૨૫ ના રોજ આંક-૧૨૫ થી કરેલ હુકમ તથા હુકમનામું ખોટું, પક્ષપાતભર્યુ, અયોગ્ય, ગેરકાયદેસરનું અથવા તો કોઈપણ રીતે હસ્તક્ષેપ કરવાને પાત્ર છે ?

૬. શું હુકમ ?

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડી. ડીસ્ટ્રીકટ જજ,
પાલનપુર.

(૯) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે.

-: <u>નિ ર્ણ ય</u> :-

૧. નકારમાં,

૨. નકારમાં,

૩. હકારમાં

૪. નકારમાં

૫. નકારમાં

૬. આખરી હુકમ મુજબ.

-: <u>નિર્ણયના કારણો</u> :-

<u>મુદ્દા નં. ૧ તથા ૨</u> :-

(૧૦) એ સ્થાપિત છે કે, અપીલના કામે રેર્કડ ઉપરના પુરાવાનું મૂલ્યાંકન એપેલેટ કોર્ટ ફરીથી કરી શકે છે. એવું જણાય કે ટ્રાયલ કોર્ટ ધ્વારા પુરાવાનું મૂલ્યાંકન યોગ્ય રીતે થયેલ નથી અથવા તો વિકૃત રીતે આદેશ કરવામાં આવ્યો છે અથવા તો કાનુની મુદ્દાઓની યોગ્ય છણાવટ કરવામાં આવી નથી કે કાનુનને યોગ્ય રીતે લાગુ કરવામાં આવ્યો નથી તો જ વિ. સિવિલ કોર્ટનો ચુકાદો અમાન્ય રાખીને અપીલ મંજુર કરી શકાય. એ પણ સ્થાપિત છે કે જો, કોઇ અપીલની સુનાવણીમાં અપીલ કોર્ટને, ટ્રાયલ કોર્ટે આપેલ કારણો વ્યાજબી અને ન્યાયિ જણાય તો, અપીલ કોર્ટ નવેસરથી સમગ્ર જજમેન્ટનું પુનર્લેખન કરવું જરૂરી નથી. નામદાર સુપ્રિમકોર્ટ ધ્વારા **<u>કર્ણાટક રાજય વિરુધ્ધ હેમા રેડ્ડીના એ.આઇ.આર. ૧૯૮૧ સુપ્રિમકોર્ટ ૧૪૧૭</u>** ના ચુકાદામાં ઠરાવેલ છે .

"This Court has observed in Girija Nandini Devi V/s Bigendra Nandini Chaudhary [1967] 1 SCR 93 [AIR 1967 SC 1124] that it is not the duty of th

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડી. ડીસ્ટ્રીકટ જજ,
પાલનપુર.

appellate court when it agrees with the view of the trial court on the evidence to repeat the narration of the evidence or to reiterate the reasons given by the trial court expression of general agreement with the reasons given by the Court the decision of which is under appeal, will ordinarily suffice."

આ જોતાં, સ્પષ્ટ થાય છે કે, ટ્રાયલ કોર્ટના ચુકાદા સાથે અપીલ કોર્ટ સંમત હોય તો, પુરાવાની વિસ્તૃત અને નવેસરથી ચર્ચા આવશ્યક નથી. ઉપરોકત સ્થાપિત કાનુની સિધ્ધાંતોના પરિઘમાં ટ્રાયલ કોર્ટના ચુકાદા સંદર્ભે એપેલેન્ટ તરફે ઉઠાવેલ મુદ્દાઓ સંબંધે નીચે મુજબ ચર્ચા હાથ ધરૂ છું.

(૧૧) હાલની અપીલ તથા સંલગ્ન દસ્તાવેજો તેમજ અપીલના કામે રજુ થયેલ વિ. સિવિલ કોર્ટનું સમગ્ર રેકર્ડ સાથે પક્ષકારોની રજુઆત ધ્યાને લેવામાં આવેલ છે. સૌ પ્રથમ મુળ વાદીનો કેસ જોઇએ તો, તેઓના જણાવ્યા મુજબ મોજે ગામ સકલાણા (ધોતા) ગામે તેઓના મર્હુમ પિતા વાઘરી ભીખાભાઇ હીરાભાઇની માલીકીની જગ્યામાં મકાન પંચાયત ઘર નં. ૧૦૫ વાળું આવેલ અને તેની બાજુમાં વચ્ચે મંદિરની જગ્યા મુકી ઘર નં. ૧૦૬ વાળી મકાનની જગ્યા આવેલ છે તેમાં વાદીનો કબજો ભોગવટો છે. આ કામના પ્રતિવાદીના મકાનો તેઓના મકાનની ઉત્તર બાજુએ આવેલ છે જેમાં ઉત્તર તરફેની ગ્રામ પંચાયત નં. ૧૦૬ વાળી મીલકતની ઉત્તર તરફેની નવોળીની જગ્યા તથા પ્રતિવાદીના દક્ષીણ તરફેની જમીન કે જે ગ્રામ પંચાયત નં. ૧૦૬ વાળી કે જે નવોળી મુકી આવેલ છે તે સનદ પ્રમાણે નવોળીની જગ્યા તરીકે ખુલ્લી રાખવાની હતી તેમછતાં, પ્રતિવાદીએ નવોળીની જગ્યા તથા પરવાનગીમાં દર્શાવેલ ગ્રામ પંચાયત ઘર નં. ૧૦૬ ની ખુલ્લી વાદીની માલિકીની જગ્યામાં ગેરકાયદેસર રીતે બાંધકામ

કરવાનું ચાલુ કરી નવોળીની સાઇડની જગ્યામાં ઉત્તર–દક્ષીણ ૨૦ ફુટ જેટલું બાંધકામ કરેલ હોવાનું જણાવી, આ બાંધકામ તોડી પાડવા તથા પરવાનગી પ્રમાણેની વાદવાળી મીલકત વાદીની માલિકીની હોવાનું જાહેર કરવા દાદ માંગેલ છે.

જયારે પ્રતિવાદીના કથન મુજબ વાદી તરફે જે પરવાનગી ચીઠ્ઠી રજુ થયેલ છે તે જોતાં તા. ૧૪/૪/૧૯૭૨ ની છે અને તેમાં દર્શાવેલ શરત મુજબ આ પરવાનગી બાર માસ સુધીની જ હતી. તે ઉપરાંત પરવાનગી ચીઠ્ઠી જોતાં, વાદીનું એક મકાન હયાત છે અને તેની બાજુમાં મંદિર બતાવેલ છે અને તેની પછી તેના બાજુમાં ઉત્તર તરફે વાદીના પિતાને બાંધમકામ માટે મળેલ પરવાનગી વાળી જગ્યા બતાવેલ છે અને જગ્યાની ઉત્તરે પાંચ ફુટની નવોળી બતાવેલ છે અને તે છોડી પ્રતિવાદીના મકાન બતાવેલ છે અને તે મુજબ જ પ્રતિવાદીના હયાત મકાન ઉભેલા છે. તેથી પુર્વ બાજુએ ખુલ્લી પડેલ જમીન જે સરકારશ્રીમાંથી માંગણી કરતાં તેઓને તે જમીન સરકારશ્રીમાંથી આપવામાં આવેલ છે અને તેની કબુલાત સકલાણા ગ્રામ પંચાયત તરફથી તા. ૧૧/૦૭/૧૯૭૨ ના રોજ આપવામાં આવેલ છે. આ કામે વાદીએ તેમની દાવા અરજી સાથે જાણી જોઈને નામદાર કોર્ટથી સત્ય હકીકતો છુપાવવા માટે તેમને મળેલ જમીનની સનદ રજુ કરેલ નથી અને એક માત્ર પરવાનગી ચીઠ્ઠી રજુ કરી નામદાર કોર્ટને ગેર માર્ગે દોરવાની પ્રયત્ન કરેલ છે. તેમજ પરવાનગી ચીઠ્ઠી જોતાં પણ વાદીના હયાત એક મકાનનું કોઈ માપ કે વિગત વર્ણન દર્શાવેલ નથી. તે જ રીતે ખુલ્લી પડેલ જમીનનું પણ કોઈ માપ દર્શાવેલ નથી. વાદીએ આ કામે તેમની દાવા અરજી સાથે બે ઘર નંબર એટલે કે, ઘર નં. ૧૦૫ તથા ઘર નં. ૧૦૬ બંન્ને ના ઘર વેરા ભર્યાની પહોંચો રજુ કરેલ છે તથા ઘર નં. ૧૦૬ ની નંબર દર્શાવતી પ્લેટની ઝેરોક્ષ રજુ કરેલ છે. તેથી એ હકીકત નિર્વિવાદ રીતે સાબિત થાય છે કે, વાદીની માલિકીના બે ઘરો હાલ પણ હયાત છે. જ્યારે કોઈ પણ પ્લોટ કે જમીન ખુલ્લી પડી હોય ત્યાં સુધી ગ્રામ પંચાયત

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડી. ડીસ્ટ્રીકટ જજ,
પાલનપુર.

તરફથી તેને ઘર નંબર આપવામાં આવતો નથી. આમ, વાદીએ તેની પરવાનગી ચીઠ્ઠી રજુ કરેલ છે. તેમાં તેનું એક હયાત મકાન દર્શાવેલ છે જ્યારે તેના નામે હાલમાં બે ઘર અસ્તિત્વમાં છે. તેવી હકીકત તેમની દાવા અરજી પરથી સાબિત થાય છે. તે છતાં પોતાના મકાનો સિવાયની ખુલ્લી પડેલ જમીન કે જે સરકારી પડતર જમીન છે તથા નવોળી પૈકીની જમીન છે તેના ઉપર કબજો કરવા માટે ગેર કાયદેસર રીતે પ્રયત્ન કરે છે. વધુમાં વાદીના પિતાએ સને ૧૯૭૨ ના સમય ગાળામાં તેમને મળેલ પરવાનગીની શરતોનો ભંગ કરી બાંધકામ કરેલ છે. તેમના એક હયાત મકાનની વચ્ચે જગ્યા છોડી તથા પ્રતિવાદીના મકાનની પાછળ પાંચ ફુટની નવોળી છોડી મકાનનું બાંધકામ કરવાનું હતું, તેના બદલે તેમના પોતાના હયાત મકાનની બાજુમાં અડીને તેમના મકાન પાસ-પાસે બને તેવી રીતે મંદિરનું સ્થાન ફેરવી મકાન બનાવેલ છે અને બંન્ને મકાનની ઉત્તર તરફે બાકી પડેલી ખુલ્લી જમીનમાં મંદિર કે જે ફક્ત ઈંટો મુકીને બનાવેલ છે. આ હકીકત વાદીએ રજુ કરેલ પરવાનગી ચીઠ્ઠી તથા કોર્ટ કમિશ્નરે કરેલ પંચનામું જોતાં સ્પષ્ટ જણાય છે. આમ, વાદીએ ખુલ્લી પડેલ સરકારી જમીન પચાવવા માટે ખોટી રીતે મંદિરને આધાર ગણી ખોટી રજુઆતો કરી તેમના બંન્ને મકાનો હાલમાં ઉભા હોવા છતાં અને વર્ષો પહેલા વાદીના પિતાએ તેમનું ઘર બનાવવા મંદિરનું સ્થાન બદલાવી હોવાની હકીકતો જાણતા હોવા છતાં સદર જગ્યા ગ્રામ પંચાયત સામેની મોકાની જમીન હોઈ પચાવી પાડવાના પ્રયત્ન કરી રહ્યા છે. આમ, વાદી ખુલ્લી પડેલી જગ્યાના વાદી માલિક નથી કે ખુલ્લી પડેલ જગ્યાના વાદી માલિક હોય તેવો કોઈ આધાર પુરાવો ના.કોર્ટમાં રજુ કરેલ નથી, તેથી સરકારી ખુલ્લી પડેલ પડતર જમીનનો રસ્તા તરીકે તેમજ અન્ય રીતે ઉપયોગ કરતા અટકાવવા માટે વાદીને કોઈ હક્ક કે અધિકાર નથી તેથી વાદી કોઇ દાદ મેળવવા હકકદાર નથી.

(૧૨) ઉપરોકત હકીકત અન્વયે પક્ષકારો તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો જોઇએ તે પહેલા અત્રે એ નોંધનીય છે કે,

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડી. ડીસ્ટ્રીકટ જજ,
પાલનપુર.

એપેલેન્ટ/મુળ વાદીનો દાવો નીચેની કોર્ટમાં ચાલી જતાં, નીચેની કોર્ટે પ્રથમ દાવાના કામે તા. ૧૬/૧/૧૯ ના રોજ હુકમ કરી વાદીનો દાવો મંજુર રાખેલ. ત્યારબાદ સદર હુકમથી નારાજ થઇ દાવાના કામે થયેલ હુકમ વિરુઘ્ધ રીસ્પોન્ડન્ટ/મુળ પ્રતિવાદીએ એપેલેટ કોર્ટમાં રે.સીવીલ અપીલ નં. ૫/૧૯ થી અપીલ દાખલ કરેલ જે અપીલના કામે એપેલેટ કોર્ટે દાવાના કામે તા. ૧૬/૧/૧૯ ના રોજ કરવામાં આવેલ હુકમ તથા હુકમનામું રદ કરી, આંક-૩૭ થી ઘડવામાં આવેલ મુદ્દામાં સુધારો કરી નવિન મુદ્દા ઘડવાનો તેમજ નવા ઘડાયેલ મુદ્દા પરત્વે પક્ષકારોને વધુ પુરાવો રજુ કરવા માટેનો હકક રી-ઓપન કરી આપવા અંગે હુકમ કરી, દાવો રીમાન્ડ કરેલ. ત્યારબાદ નીચેની કોર્ટે એપેલેટ કોર્ટના હુકમને અનુસરી નવિન ઘડેલ મુદ્દા સબંધે પક્ષકારોને પુરાવો રજુ કરવાની તક આપી, રેકર્ડ પર રજુ થયેલ પુરાવાના આધારે ફરીથી દાવાના કામે ન્યાયીક નિર્ણય કરી, તા. ૨૦/૩/૨૫ ના રોજ દાવાનો નિકાલ કરેલ જેમાં એપેલેન્ટ/મુળ વાદીનો દાવો ખર્ચ સહિત નામંજુર કરેલ જે હુકમથી નારાજ થઇ એપેલેન્ટ/મુળ વાદીએ હાલની આ અપીલ દાખલ કરેલ છે. હવે આ કામે એપેલેન્ટ/મુળ વાદી તરફે મુખ્યત્વે એવી રજુઆત થયેલ છે કે, ટ્રાયલ કોર્ટ તેના અગાઉના ચુકાદામાં મીલકત નં. ૧૦૬ સબંધે વાદીનો માલીકી હકક સાબિત થયેલ હોવાનું તેમજ તે મીલકતની ઉત્તરે નવોળી આવેલ હોવાનું સ્વીકાર્યું હતું અને સદર દાવો રીમાન્ડ થયા બાદ નીચેની કોર્ટે મીલકત નં. ૧૦૬ ની માલીકી હકક સબંધે તથા નવોળી સબંધે વિપરીત નિષ્કર્ષ પર આવી વાદીનો દાવો નામંજુર કરેલ છે ત્યારે નીચેની કોર્ટે જ બે અલગ અલગ આપેલ તારણને લો ઓફ એસ્ટોપલના સિઘ્ધાંતનો બાધ નડે છે સબબ વકીલશ્રીએ દલીલ કરેલ છે. પરંતુ સમગ્ર રેકર્ડ જોતાં, દાવાના કામે પ્રથમ તા. ૧૬/૧/૧૯ ના રોજ કરવામાં આવેલ હુકમ તથા હુકમનામું અપીલના કામે એપેલેટ કોર્ટ ઘ્વારા રદ કરી, મુળ દાવાના કામે આંક-૩૭ થી ઘડવામાં આવેલ મુદ્દામાં સુધારો કરી નવિન

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડી. ડીસ્ટ્રીકટ જજ,
પાલનપુર.

મુદ્દા ઘડવાનો તેમજ નવા ઘડાયેલ મુદ્દા પરત્વે પક્ષકારોને વધુ પુરાવો રજુ કરવા માટેનો હકક રી–ઓપન કરી આપવા અંગે હુકમ કરી, દાવો રીમાન્ડ કરવામાં આવેલ હોય અને રીમાન્ડના આદેશ મુજબ નીચેની કોર્ટે એપેલેટ કોર્ટના હુકમને અનુસરી નવિન ઘડેલ મુદ્દા સબંધે પક્ષકારોને પુરાવો રજુ કરવાની તક આપી, નવા ઘડાયેલ મુદ્દા સહિત તમામ મુદ્દાઓ પર ઉપલબ્ધ પુરાવાનું પુન:મુલ્યાંકન કરી નિર્ણય કરેલ હોય ત્યારે એકમાત્ર અગાઉ આપેલ મુદ્દાના નિર્ણયમાં આવેલ તફાવતના કારણે રીમાન્ડ બાદ દાવાના કામે તા. ૨૦/૩/ ૨૫ ના રોજ થયેલ હુકમ તથા હુકમનામું ગેરકાયદેસરનું કહી શકાય નહીં કે તેને લો ઓફ એસ્પોટલના સિધ્ધાંતનો બાધ નડતો હોવાનું પણ કહી શકાય નહીં. કારણ કે ઉપર ચર્ચા કર્યા મુજબ દાવાના કામે નીચેની કોર્ટે તા. ૧૬/૧/૧૯ ના રોજ કરેલ હુકમ અપીલના કામે રદ થયેલ હોઇ તે અસ્તીત્વમાં જ રહેતો નથી અને અપીલ કોર્ટના આદેશાનુસાર નવિન ઘડેલ મુદ્દા સબંધે પક્ષકારોને પુરાવો રજુ કરવાની તક આપી, નવા ઘડાયેલ મુદ્દા સહિત તમામ મુદ્દાઓ પર ઉપલબ્ધ પુરાવાનું પુન:મુલ્યાંકન કરી નિર્ણય કરેલ હોય તેવા સંજોગોમાં મીલકત નં. ૧૦૬ ની માલિકી હકક તેમજ તેની ઉત્તરે આવેલ નવોળી સબંધે દાવાના કામે અગાઉ તા. ૧૬/૧/૧૯ ના રોજ તેમજ દાવો રીમાન્ડ થયા બાદ તા. ૨૦/૩/૨૫ ના રોજ મુદ્દાના નિર્ણયમાં આવેલ તફાવત સબંધે એપેલેન્ટ/મુળ વાદી તરફે કરવામાં આવેલ દલીલોમાં પ્રથમદર્શનીય રીતે જ કોઇ તથ્ય જણાતું ન હોઇ તેઓની દલીલ ગ્રાહય રાખવા પાત્ર નથી. પરંતુ સાથે સાથે રીમાન્ડ થયા બાદ મુળ દાવાના કામે નીચેની કોર્ટે તા. ૨૦/૩/૨૫ ના રોજ કરેલ હુકમમાં પુરાવાનું મુલ્યાંકન યોગ્ય રીતે થયેલ છે કે કેમ? તેમજ આવા હુકમમાં કાયદાકીય કે હકીકતની ભુલ છે કે કેમ? અને તેવા સંજોગોમાં નીચેની કોર્ટનો હુકમ હસ્તક્ષેપને પાત્ર છે કે કેમ? તે હાલની અપીલના કામે જોવાનું રહે છે અને તે અંગે હાલની અપીલના કામે

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડી. ડીસ્ટ્રીકટ જજ,
પાલનપુર.

ઘડવામાં આવેલ મુદ્દા સબંધે રેકર્ડ પર આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવું જરુરી બને.

(૧૩) આ કામે એપેલેન્ટ/મુળ વાદીએ મુખ્યત્વે વાદીની મીલકત નં. ૧૦૬ માં તથા તેની ઉત્તરે આવેલ નવોળીની જગ્યામાં પ્રતિવાદી દબાણ કરી બાંધકામ કરેલ હોઇ કરેલ બાંધકામ તોડી પાડવા સબબ મુળ દાવાના કામે દાદ માંગતા હોય ત્યારે પ્રથમ વાદગ્રસ્ત મકાન નં. ૧૦૬ વાદીના કબજા ભોગવટા અને માલીકીનુ છે કે કેમ? તથા સદર વાદગ્રસ્ત જગ્યા મકાન નં. ૧૦૬ ની ઉત્તર તરફે નવોળી આવેલ હોવાનું અને તે નવોળીની જગ્યા સનદ પ્રમાણે ખુલ્લી રાખવાની હોવાછતાં, પ્રતિવાદી તેમાં ગેરકાયદેસર રીતે દબાણ કરેલ છે કે કેમ? તેવી હકીકત સબંધે રેકર્ડ પર રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવું જરુરી બની રહે અને તે સબંધે નીચેની કોર્ટ સમક્ષ એપેલેન્ટ/મુળ વાદી તરફે રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો, એપેલેન્ટ/મુળ વાદી તરફે મુળ દાવાના કામે આંક-૫૬ થી વાદીને નવીન બાંધકામ માટે મંજુર થયેલ નકશો રજુ રાખેલ છે. જેમાં સામાન્ય સભાના ઠરાવ થી પરવાનગી આપવામાં આવેલ છે તેમ નોંધેલ છે. પરંતુ આવો કોઈ ઠરાવ વાદીપક્ષે રજુ રાખેલ નથી. વધુમાં, આંક-૫૫ વાળી પરવાનગી અને આંક-૫૬ વાળો નવીન બાંધકામ માટે મંજુર થયેલ નકશો તે માલિકી અંગેનો આધાર ગણી શકાય નહિ. તે સિવાય મુળ વાદી તરફે આંક-૫૭ થી આંક-૬૬ સુધીના વેરા ભર્યાની પાવતીઓ અને આંક-૬૭ અને આંક-૬૮ થી આકરણી રજુ રાખેલ છે. પરંતુ વેરા ભર્યાની પાવતી અને આકરણી પણ માલિકી અંગેનો આધાર ગણી શકાય નહિ. વાદી તરફે સદર મિલકત નં. ૧૦૫ અને ૧૦૬ ની પંચાયત દ્વારા કોઈ સનદ/કબુલાત આપવામાં આવેલ હોય તેવી કોઈ સનદ/કબુલાત કે વડીલોપાર્જીત મિલકત તેઓના પિતાના ભાગે વહેચણીમાં આવેલ હોય તેવી કોઈ રેવન્યુ રેકર્ડની નોંધ રજુ રાખેલ નથી. આમ, વાદી તરફે મિલકત નં.૧૦૬ની માલિકી અંગેનો કોઇ આધારભુત

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડી. ડીસ્ટ્રીકટ જજ,
પાલનપુર.

દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ નથી. વધુમાં, વાદીએ તેમના આંક– ૭૪ અને દાવો રિમાન્ડ થયા બાદ આંક–૧૧૭ ના પુરાવામાં ઉલટતપાસ દરમ્યાન તેઓએ દાવાવાળી મીલકતની માલિકી અંગે કોઇ સનદ રજુ કરેલ નહીં હોવાનું સ્વીકારેલ છે અને આવી સનદ નહીં રજુ કરવા સબંધે કોઇ ખુલાસો પણ સમગ્ર પુરાવા દરમ્યાન કરેલ નથી. વધુમાં, નીચેની કોર્ટ સમક્ષ રેકર્ડ પર રજુ થયેલ આંક–૧૧૫ વાળું કોર્ટ કમિશ્નરશ્રીનું પંચનામું અને આંક–૧૧૬ વાળો નકશો જોતા, વાદીના મકાન નં. ૧૦૫ની દક્ષિણે એક વાદીનું મકાન આવેલ છે અને મકાન નં. ૧૦૫ની ઉતરે વાદગ્રસ્ત જમીન આવેલ છે. જયારે આંક–૫૫ વાળી પરવાનગી જોઈએ તો, વાદીના પિતાનું એક મકાન દર્શાવેલ છે અને તેના ઉપરના ભાગે મંદિર દર્શાવેલ છે અને તેના ઉપરના ભાગે ઘર કરવાની જગ્યા એમ લખેલ છે. આમ, સદર પરવાનગી અને કોર્ટ કમિશ્નરના પંચનામા સાથે સરખામણી કરવામાં આવે તો, પરવાનગી ચીઠી મુજબ વાદીના પિતાના નામે એક ઘર દર્શાવેલ છે અને વચ્ચે મંદિરની જગ્યા રાખી તેના ઉપરના ભાગે મકાન બનાવવાની જગ્યા લખેલ છે, પરંતુ એ સાથે કોર્ટ કમિશ્નરએ કરેલ પંચનામા મુજબ વાદીના બે મકાન બાજુબાજુમાં આવેલ છે અને તે બાદ મંદિરની જગ્યા છોડી અને તે પછી વાદગ્રસ્ત જગ્યા આવેલ છે. આમ, કોર્ટ કમિશ્નરના પંચનામામાં વાદીના નામે જે બે મકાન દર્શાવેલ છે તે મકાનના નંબર ૧૦૫ અને ૧૦૬ છે કે કેમ? તે બાબતે વિસંગતતા છે અને જો તે બે મકાનના નંબર ૧૦૫ અને ૧૦૬ છે તો મંદિર બાદ આવેલ વાદગ્રસ્ત જગ્યા એ કઈ જગ્યા છે? તે હકીકત સબંધે મુળ વાદી તરફે કોઈ જ ખુલાસો કે સ્પષ્ટ કરવામાં આવેલ નથી.

(૧૪) વધુમાં, મિલકત નં. ૧૦૬ ની ઉતરે અને પ્રતિવાદીની જમીનની દક્ષિણે નવોળીની જગ્યા આવેલ છે કે કેમ? તે સબંધે રેકર્ડ પર રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો, આંક– ૧૧૫ વાળા કોર્ટ કમિશ્નરના પંચનામામાં વાદીના મકાનની ઉતરે નવોળી આવેલ હોય તેવી કોઈ

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડી. ડીસ્ટ્રીકટ જજ,
પાલનપુર.

જ હકીકત ફલિત થતી નથી. વધુમાં, સદર વાદી તરફે આંક–૫૫ થી રજુ રાખેલ પરવાનગીમાં ૫ ફુટની નવોળીની જગ્યા છોડી મુસલમાનના મકાનો આવેલ હોવાની હકીકત લખેલ છે. જયારે વાદી તરફે દાવા અરજીમાં " આ કામના પ્રતિવાદીના મકાનો વાદીના મકાનની ઉત્તર બાજુએ આવેલ છે. જેમાં ઉત્તર તરફેની ગ્રામ પંચાયત નં.૧૦૬ વાળી મિલ્કતની ઉત્તર તરફેની નવોળીની જગ્યા તથા પ્રતિવાદીના દક્ષિણ તરફેની જમીન કે જે ગ્રામ પંચાયત નં.૧૦૬ વાળી કે જે નવોળી મુકી આવેલ છે તે સનદ પ્રમાણે નવોળીની જગ્યા તરીકે ખુલ્લી રાખવાની હતી " તેવી હકીકત લખેલ છે પરંતુ આવી હકીકતના સમર્થનમાં વાદી તરફે આવી કોઈ જ સનદ રજુ રાખેલ નથી કે અન્ય કોઈ પણ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ નથી, કે જેમાં નવોળીની જગ્યા ખુલ્લી રાખેલ હોય તે હકીકત દર્શાવેલ હોય. આમ, ઉપરોક્ત ચર્ચાને અંતે વાદી તરફે મિલકત નં. ૧૦૬ ના માલિક હોય તેમજ તેની ઉતરે નવોળીની જગ્યા હોય અને તે નવોળીની જગ્યા ખુલ્લી રાખવાની હતી તે હકીકત પુરવાર કરવામાં સફળ રહેલ નથી.

(૧૫) વધુમાં, ઉપર ચર્ચા કર્યા મુજબ મુળ દાવાના કામે રેકર્ડ પર રજુ થયેલ પુરાવો જોતાં, મિલકત નં. ૧૦૫ અને ૧૦૬ ના માલિક કેવી રીતે બનેલ છે તે હકીકત દર્શાવાતો કોઈ જ આધાર પુરાવો વાદી તરફે રજુ રાખેલ નથી. વધુમાં, વાદી તરફે પોતાની દાવા અરજી અને પુરાવાના સોગંદનામામાં મિલકત નં. ૧૦૫ અને મિલકત નં.૧૦૬ નું કેટલું માપ છે તે ક્યાંય દર્શાવેલ નથી. સદર હકીકતનો વાદીની આંક–૭૪ અન્વયે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકાર કરેલ છે કે, આંક–૫૫ વાળા પરવાનગી હુકમમાં તેમના મકાનમાં ચોક્કસ માપ કે વર્ણન જણાવેલ નથી. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેમના મકાનના માપનો કોઈ ચોક્કસ આધાર પુરાવો આ કામે રજુ કરેલ નથી. આમ, વાદી તરફે પોતાની માલિકીની જમીનનું ક્ષેત્રફળ કેટલું છે તે દાવા અરજીમાં જણાવેલ નથી અને તેઓની માલિકીની

મિલકતની ક્ષેત્રફળ દર્શાવતો પણ કોઈ દસ્તાવેજી આધાર પુરાવો રજુ રાખેલ નથી. વાદી તરફે દબાણ અંગેની હકીકત સાબિત કરવા આંક–૮૦ થી સર્વેયર સુરેશભાઈ ઈશ્વરભાઈ પ્રજાપતિને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, તેઓએ સ્થળસ્થિતિની માપણી કરી નકશો તૈયાર કરેલ છે. તેઓએ સરતપાસમાં જ એવી હકીકત જણાવે છે કે, તેઓને આંક–૮૧ વાળી પ્રતિવાદીની સનદ અને તેઓ દ્ધારા માપણી કર્યા બાદ તૈયાર કરવામાં આવેલ માપણીશીટ આંક–૮૨ ના આધારે વાદગ્રસ્ત જગ્યા ઉપર દબાણ હતું કે નહિ તે કહી શકે નહિ. અન્ય રેવન્યુ રેકર્ડ ના આધારે દબાણ વિશે કહી શકે. આમ, સદર સાહેદ કે જે વાદી દ્ધારા સોગંદ ઉપર તપાસેલ છે તે ખુદ પોતાની સરતપાસમાં તેઓ માપણી બાદ તૈયાર કરવામાં આવેલ નકશાને આધારે દબાણ છે કે નહિ તે કહી શકે નહી તેમ જણાવે છે. વધુમાં, સદર સાહેદ તેમની પ્રતિવાદી તરફેની ઉલટતપાસમાં રેકર્ડ આધારે વાદગ્રસ્ત બંને સર્વે નંબરોની સાથે માપણી કરવામાં આવે તો દબાણ બાબતે જાણી શકાય,કોઈ પણ જગ્યાની ચોક્કસ માપણી માટે યોગ્ય,સચોટ વિગતવાળું રેવન્યુ રેકર્ડ હોવું જોઈએ તેવું સ્વીકારેલ છે પરંતુ આ સાહેદનો સમગ્ર પુરાવો જોતાં, વાદીની જમીન બાબતનું કોઈ રેકર્ડ પંચાયત પાસે ઉપલબ્ધ નહીં હોવાનું તેમજ તેઓને વાદગ્રસ્ત જગ્યાની માપણી વખતે સનદ, લે આઉટ પ્લાન કે બીજો કોઈ આધાર દસ્તાવેજ પંચાયત પાસેથી મળેલ નહિ હોવાનું જણાવેલ છે. આમ, વાદીની માલિકીની કુલ કેટલી જમીન છે તે મતલબે વાદીપક્ષ દ્ધારા કોઈ જ પુરાવો રજુ રાખેલ નથી તેમજ વાદી તરફે સર્વેયર સાહેદની જુબાનીથી પણ પ્રતિવાદીએ દબાણ કરેલ હોવાની હકીકત સાબિત થતી નથી. વાદી તરફે પ્રતિવાદી ગેરકાયદેસરનું બાંધકામ કરી રહયા હોય તે સબંધે ગ્રામ પંચાયત કચેરી કે અન્ય કોઇ ઓથોરીટી સમક્ષ કોઇ કાર્યવાહી કરેલ હોય તેવો પણ કોઇ આધાર રજુ રાખેલ નથી. સદર સર્વેયર સાહેદની જુબાની બાદ પણ વાદી તરફે તેઓ મિલકત નં.

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડી. ડીસ્ટ્રીકટ જજ,
પાલનપુર.

૧૦૫ અને ૧૦૬ ના માલિક કેવી રીતે બનેલ છે અને કેટલી જગ્યાના – માપના માલિક છે તે સબંધે પંચાયતના કોઈ અધિકારીને સાહેદ તરીકે બોલાવીને તપાસેલ નથી. તે ઉપરાંત વાદી તરફે સદર સર્વેયરની માપણી સમયે કોઈ વાંધો તકરાર લીધેલ નહીં અને માપણી બાદ, વાદી તરફે આંક–૪૬ થી સર્વેયર દ્વારા કરેલ માપણી બાબતે વાંધા રજુ કરી નવેસરથી માપણી કરવા સબબ અરજ ગુજારતાં, નીચેની કોર્ટે દાવામાં વાદીના કહેવાતા મકાન ઘર નંબર ૧૦૫ અને ૧૦૬ નું ક્ષેત્રફળ કેટલું છે તેવી કોઈ સ્પષ્ટ હકીકત જણાવેલ નથી કે તેમના માલિકીના મકાનની સનદના દસ્તાવેજ રજુ કરેલ નથી. દાવા અરજીની દાદ જોતા પ્રતિવાદી દબાણ કરી રહેલ હોવાનું જણાવી દબાણ દુર કર કરવાની દાદ માંગેલ છે જેથી દબાણ છે કે નહિ તે વાદીએ સ્વબળે સાબિત કરવાનું રહે છે. તલાટીના રેકર્ડે સનદ કે લે–આઉટ પ્લાન ઉપલબ્ધ જ ન હોય, વાદીની નવેસરથી માપણી કરવાની અરજી રદ્દ કરવાનો હુકમ કરેલ છે જે યોગ્ય અને ન્યાયી રીતે મુલ્યાંકન કરી હુકમ કરેલ હોવાનું સ્પષ્ટ જણાય છે. વાદીએ પોતાનો દાવો પોતાના પુરાવા થકી પુરવાર કરવાનો રહે, નહી કે પ્રતિવાદીના નબળા બચાવ ઉપર. આમ, વાદી તરફે સૌપ્રથમ તો મિલકત નં. ૧૦૬ ની માલિકી સાબિત કરેલ નથી, તેઓની પાસે કુલ કેટલા માપ–ક્ષેત્રફળની જમીન આવેલ છે તે હકીકત પણ પુરવાર કરેલ નથી. વધુમાં, પ્રતિવાદી ગેરકાયદેસર રીતે બાંધકામ કરી રહેલ હોવાની હકીકત પણ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે અને આ સબંધે નીચેની કોર્ટે પણ રેકર્ડ પર રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન યોગ્ય અને ન્યાયી રીતે કરેલ હોવાનું સ્પષ્ટ જણાય છે. આમ, સમગ્રપણે નીચેની કોર્ટ સમક્ષ રેકર્ડ પર રજુ થયેલ પુરાવો જોતાં, વાદગ્રસ્ત મકાન નં. ૧૦૬ એપેલેન્ટ/મુળ વાદીના કબજા ભોગવટા અને માલીકીનું હોય અને તેમાં પ્રતિવાદી ગેરકાયદેસર રીતે બાંધકામ કરી રહયા હોય તેમજ વાદગ્રસ્ત જગ્યા મકાન નં. ૧૦૬ ની ઉત્તર તરફેની જગ્યા સનદ પ્રમાણે ખુલ્લી

રાખવાની હોવાછતાં, પ્રતિવાદી તેમાં ગેરકાયદેસર રીતે દબાણ કરતા હોય તેવું પુરવાર કરવામાં એપેલેન્ટ/મુળ વાદી નિષ્ફળ રહેલ હોઇ, હાલની અપીલના કામે મુદ્દા નં. ૧ તથા ૨ નો જવાબ નકારમાં ઠરાવું છું

મુદ્દા નં. ૩

(૧૬) હાલની અપીલના કામે મુદ્દા નં. ૩ શું એપેલેન્ટ/મુળ વાદીના દાવાને પક્ષકારોની ખામીનો બાધ નડે છે કે કેમ? તે સબંધે પ્રથમ મુળ દાવાના કામે દાવા અરજીમાં માંગેલ દાદ નં. ૨ જોવામાં આવે તો, " આ કામના વાદીએ રજુ કરેલ પરવાનગી પ્રમાણેની વાદવાળી મિલ્કત વાદીની માલિકીની હોવાનું જાહેર કરી આપો." તેવી દાદ માંગેલ છે. આમ, વાદી, પ્રતિવાદી વિરુદ્ધ દાવો દાખલ કરી વાદવાળી જગ્યા તેઓની માલિકી હોવાનું જાહેર કરવાની દાદ માંગતા હોય ત્યારે સદર માલિકી અંગેની દાદ વાદીએ ગ્રામ પંચાયત ના સરપંચ/તલાટી, તાલુકા વિકાસ અધિકારી ને જોડી માંગવી પડે. પ્રતિવાદી વિરુદ્ધ દાવો દાખલ કરી અને માલિકીના કોઈ આધાર પુરાવા રજુ કર્યા વગર તેઓ દાદ મેળવવા હક્કદાર નથી. વાદી સદર જગ્યાના માલિક છે કે નહિ તે દાવાના કામે નિર્ણય કરવા માટે સરકારના સક્ષમ અધિકારીએ જરૂરી પક્ષકાર છે. વધુમાં, વાદીએ મુળ દાવામાં પ્રતિવાદી દબાણ કરી રહેલ હોવાની હકીકત ગ્રામ પંચાયતને જણાવેલ છે તેમ છતાં તેઓ દ્વારા કોઈ કાર્યવાહી કરેલ ન હોવાને કારણે તેઓ દ્વારા દાવો દાખલ કરેલ છે તેવી હકીકત જણાવેલ છે, તે હકીકત પુરવાર કરવા માટે પણ વાદીએ ગ્રામ પંચાયતના સરપંચ/તલાટીને પક્ષકાર તરીકે જોડવા જરુરી હોવાછતાં, જોડેલ નથી, જેથી વાદીના દાવાને પક્ષકારની ખામીનો બાધ નડતો હોવાનું સ્પષ્ટ જણાય છે. નીચેની કોર્ટે પણ આ સબંધે યોગ્ય તારણ આપેલ છે તે જોતાં, હાલની અપીલના કામે મુદ્દા નં. ૩ નો જવાબ હકારમાં ઠરાવું છું.

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડી. ડીસ્ટ્રીકટ જજ,
પાલનપુર.

મુદા નં. ૪ તથા ૫

(૧૭) હાલની અપીલના કામે મુદા નં. ૪ તથા ૫ ધ્યાને લેવામાં આવે તો, શું એપેલેન્ટ/મુળ વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે? તેમજ શું દાવો રીમાન્ડ થયા બાદ ટ્રાયલ કોર્ટે દાવાના કામે તા. ૨૦/૩/૨૫ ના રોજ આંક–૧૨૫ થી કરેલ હુકમ તથા હુકમનામું ખોટું, પક્ષપાતભર્યુ, અયોગ્ય, ગેરકાયદેસરનું અથવા તો કોઇપણ રીતે હસ્તક્ષેપ કરવાને પાત્ર છે કે કેમ? તે સબંધે રેકર્ડ પર રજુ થયેલ પુરાવા સાથે ઉપર કરવામાં આવેલ વિસ્તૃત ચર્ચા ધ્યાને લેવામાં આવે તો, વાદી તરફે વાદગ્રસ્ત મકાન નં. ૧૦૬ એપેલેન્ટ/મુળ વાદીના કબજા ભોગવટા અને માલીકીનું હોય અને તેમાં પ્રતિવાદી ગેરકાયદેસર રીતે બાંધકામ કરી રહયા હોય તેમજ વાદગ્રસ્ત જગ્યા મકાન નં. ૧૦૬ ની ઉત્તર તરફેની જગ્યા સનદ પ્રમાણે ખુલ્રી રાખવાની હોવાછતાં, પ્રતિવાદી તેમાં ગેરકાયદેસર રીતે દબાણ કરતા હોય તેવું પુરવાર કરવામાં એપેલેન્ટ/મુળ વાદી નિષ્ફળ રહેલ હોઈ, તેમજ વાદીએ માલિકી અંગેની દાદ, માલિકી અંગેના પુરાવા રજુ કર્યા સિવાય પંચાયત કે તાલુકા વિકાસ અધિકારી કે અન્ય સરકારી બોડી ને જોડ્યા વગર માંગેલ છે અને જેથી વાદીના દાવાને પક્ષકારની ખામીનો પણ બાધ નડે છે જેથી એપેલેન્ટ /મુળ વાદી, મુળ દાવાના કામે માંગ્યા મુજબની કોઈ દાદ મેળવવા હક્કદાર ન હોય, જેથી મુદ્દા નં.૪ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

(૧૮) વિ.ટ્રાયલ કોર્ટે પણ કરેલ મુલ્યાંકન મુજબ વાદગ્રસ્ત મકાન નં. ૧૦૬ મુળ વાદીના કબજા ભોગવટા અને માલીકીનું હોય અને તેમાં પ્રતિવાદી ગેરકાયદેસર રીતે બાંધકામ કરી રહયા હોય તેમજ વાદગ્રસ્ત જગ્યા મકાન નં. ૧૦૬ ની ઉત્તર તરફેની જગ્યા સનદ પ્રમાણે ખુલ્રી રાખવાની હોવાછતાં, પ્રતિવાદી તેમાં ગેરકાયદેસર રીતે દબાણ કરતા હોય તેવું પુરવાર કરવામાં મુળ વાદી નિષ્ફળ રહેલ હોઈ, વાદી માંગ્યા મુજબની કોઇ દાદ મેળવવા હકકદાર બનતા ન

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડી. ડીસ્ટ્રીકટ જજ,
પાલનપુર.

હોવાનું ઠરાવેલ છે તેમાં કોઇ હકીકતોની કે કાયદાની કોઇ ભુલ કરેલ હોય તેવું જણાઇ આવતું નથી. આમ, ઉપર વિસ્તૃત ચર્ચા મુજબ દાવો રીમાન્ડ થયા બાદ નીચેની કોર્ટે એપેલેટ કોર્ટના હુકમને અનુસરી ફરીથી દાવાના કામે ન્યાયીક નિર્ણય કરી, તા. ૨૦/૩/૨૫ ના રોજ દાવાનો નિકાલ કરેલ જેમાં એપેલેન્ટ/મુળ વાદીનો દાવો ખર્ચ સહિત નામંજુર કરતો હુકમ કરેલ છે તે હુકમ તથા હુકમનામું કોઇપણ રીતે હસ્તક્ષેપને પાત્ર ન હોઇ, મુદ્દા નં. ૫ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૬ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:: <u>આખરી હુકમ</u> ::–

૧. એપેલન્ટ/મુળ વાદીની અપીલ આથી **ના–મંજુર (૨૮)** કરવામાં આવે છે.

૨. વડગામના વિ. પ્રિન્સીપાલ સીવીલ જજશ્રીએ તા. ૨૦/૦૩/૨૦૨૫ ના રોજ રેગ્યુલર દિવાની મુકદમા નં. ૩/૨૦૧૫(જુનો રે.દિ.મુ.નં. ૧૫/૦૭) ના કામે આંક–૧૨૫ થી વાદીનો દાવો નામંજુર કરવાનો કરેલ હુકમ તથા તે અનુસંધાને દોરવામાં આવેલ હુકમનામું આથી **કાયમ** રાખવામાં આવે છે.

૩. ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

૪. આ ઠરાવની પ્રમાણિત નકલ વડગામના વિ. પ્રિન્સીપાલ સીવીલ જજશ્રીને રેગ્યુલર દિવાની મુકદમા નં. ૩/૨૦૧૫(જુનો રે.દિ.મુ.નં. ૧૫/૦૭) નું અસલ રેકર્ડ તથા પ્રોસીડીગ્સ સાથે તાત્કાલીક મોકલી આપવું.

આ હુકમ આજ તા. ૧૬ મી માહે જુન સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

મુકામ : પાલનપુર
તારીખ : ૧૬/૦૬/૨૦૨૬

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડીશનલ ડીસ્ટ્રીકટ જજ,
બનાસકાંઠા–પાલનપુર
(કોડ નં. ૦૦૬૬૨)

//**djjoshi** //

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડી. ડીસ્ટ્રીકટ જજ,
પાલનપુર.